ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત
# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર
"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨
8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 28th May, 2026

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે
વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬ અંતર્ગત "પર્યાવરણ જાગૃતિ સાયકલ રેલી" તથા "નિબંધ સ્પર્ધા" નું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં પ્રાદેશિક / જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. **જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.**

વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ૫ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ પર્યાવરણ સંરક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ અને પ્રકૃતિ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. આજના સમયમાં વધતું પ્રદૂષણ, પ્લાસ્ટિકનો વધતો ઉપયોગ, વૃક્ષોની અછત અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓ સમગ્ર માનવજાત માટે ચિંતાનો વિષય બની છે. આવા સમયમાં પર્યાવરણ બચાવવું અને આવનારી પેઢી માટે સ્વચ્છ અને સુરક્ષિત પૃથ્વી નિર્માણ કરવું આપણી સૌની જવાબદારી છે.

આ હેતુને ધ્યાનમાં રાખીને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસ – ૨૦૨૬ની ઉજવણી અંતર્ગત તા. ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ "પર્યાવરણ જાગૃતિ સાયકલ રેલી" તથા "નિબંધ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલી દ્વારા માનનીય પ્રધાનમંત્રી શ્રી દ્વારા દેશવાસીઓને કરવામાં આવેલ ઇંધણીના જતન થાકી પર્યાવરણ સંરક્ષણનો હેતુ સર શકાશે. સાયકલનો વધુ ઉપયોગ કરીને પ્રદૂષણ ઘટાડવું અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ સાયકલ રેલી સવારે ૭:૦૦ થી ૮:૩૦ કલાક દરમિયાન યોજાશે, જેમાં ૧૨ વર્ષ કે તેથી વધુ ઉમરના કોઈપણ સક્ષમ નાગરિક ભાગ લઈ શકશે. રેલી માટે અંદાજિત ૩ કિલોમીટરનો રૂટ રહેશે. રેલીમાં જોડાનાર તમામને ટી-શર્ટ, કેપ, પ્રમાણપત્ર તેમજ મેડલ આપવામાં આવશે.

ત્યારબાદ સવારે ૯:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. નિબંધ સ્પર્ધા ગ્રુપ A (ધોરણ ૩ થી ૫), ગ્રુપ B (ધોરણ ૬ થી ૮) તથા ગ્રુપ C (ધોરણ ૯ અને તેથી ઉપર – ઓપન કેટેગરી) એમ ત્રણ વિભાગમાં યોજાશે. નિબંધ સ્પર્ધા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં યોજાશે તથા "પ્લાસ્ટિક પ્રદૂષણ સામે લડત", "પર્યાવરણ બચાવવાના ઉપાયો" અને "પૃથ્વીનો અવાજ સાંભળો" જેવા વિષયો પર વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે. શ્રેષ્ઠ કુલ ૧૦ સ્પર્ધકોને ઇનામ આપવામાં આવશે તેમજ તમામ ભાગ લેનારને ટી-શર્ટ, કેપ અને પ્રમાણપત્ર આપવામાં આવશે. કાર્યક્રમનું સ્થળ નોંધણી થયેલ વોટ્સએપ નંબર પર જાણ કરવામાં આવશે.

વધુ માહિતી અને નોંધણી માટે **www.krcscbhavnagar.org** વેબસાઇટની મુલાકાત લેવા અથવા મો. ૮૮૬૬૫૭૦૧૧૧ (સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી) પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

---

પ્રતિ,
તંત્રી શ્રી,
જય વિજ્ઞાન, ઉપરોક્ત માહિતીને આપના સુપ્રસિધ પ્રેસ મીડિયા / ઇલેક્ટ્રોનિક મીડિયામાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા નમ્ર અરજ સહ...
આપનો જ,

Verified Digital Signature
28-05-2026 15:39

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.